અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓનો સમયગાળો કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમનો લાભ આપવા માટે ગણતરીમાં લેવા બાબતે.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: **ED/MSM/e-file/3/2022/0963/KH**

સચિવાલય, ગાંધીનગર

તા. ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા:-

૧. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ, તા.૨૫/૦૮/૨૦૦૫

૨. યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૦

૩. યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૮

૪. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:ED/ MSM/e-file/3/2022/0963/ખ, તા.૧૩/૧૨/૨૦૨૩

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમ-૧ના વિભાગના તારીખ ૨૫/૦૮/૨૦૦૫ના ઠરાવથી રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજમાં અધ્યાપક સહાયકની પાંચ વર્ષ સુધી ઉચ્ચક માનદ વેતનથી ભરતી કરવા તથા પાંચ વર્ષ સુધી સંતોષકારક કામગીરી બાદ છઠ્ઠા વર્ષે મળવાપાત્ર પગારધોરણના લાભો આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવ હેઠળ નિમણૂંક પામેલ અધ્યાપક સહાયકને વંચાણે લીધેલ ક્રમ-૪ના વિભાગના તારીખ:૧૩/૧૨/૨૦૨૩ના ઠરાવથી; ઠરાવમાં દર્શાવેલ શરતોને આધીન અધ્યાપક સહાયકની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી પ્રવર્તતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ વિષયક લાભો આપવાનું ઠરાવવામાં આવેલ છે.

આ વિભાગના તારીખ:૧૩/૧૨/૨૦૨૩ના ઠરાવની શરત નંબર ૬ મુજબ કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ બાબતોની સંપૂર્ણ સૂચનાઓ નાણા વિભાગના પરામર્શમાં અલગથી નક્કી કરવાની રહેતી હોઈ, સરખા ક્રમાંકની વિભાગની ફાઈલ પર નાણા વિભાગનો પરામર્શ કરવામાં આવેલ છે. નાણા વિભાગ તરફથી ફાઈલ પર મળેલ સૂચનાઓ તેમજ મંજૂરી મુજબની સૂચનાઓ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૫ના ઠરાવથી નિમણૂંક પામેલ અધ્યાપક સહાયકને તેઓની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓ કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમનો લાભ આપવા માટે નીચેની શરતો/સૂચનાઓને આધીન મંજૂરી આપવામાં આવે છે.

૧. વંચાણે લીધેલ ક્રમ ૧, પરના વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૫ના ઠરાવ હેઠળ ફિક્સ પગારથી નિમણૂંક પામેલ અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની સેવાઓનો સમયગાળો કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમનો લાભ આપવા માટે ગણતરીમાં લેવાનો રહેશે.

૨. કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ બાબતે વિચારણા કરતા ફિક્સ પગારના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન કોઈ મુવમેન્ટ મળવાપાત્ર ના હોઈ, **Ph.D.** ની લાયકાત હેઠળ નિમણૂંક ધરાવનાર અધ્યાપક સહાયકને ૫ (પાંચ)વર્ષનો ફિક્સ પગારનો સમયગાળો પૂર્ણ કરી નિયમિત પગાર ધોરણમાં સમાવવામાં આવે ત્યારે લાયકાત ધરાવતા હોય તો **CAS**(એકેડેમિક લેવલ ૧૦થી ૧૧) જે નિયમ મુજબ ચાર વર્ષે મળવા પાત્ર થાય છે તેની જગ્યાએ ફિક્સ પગારની સેવા પૂર્ણ થતા પાંચ વર્ષ બાદ મળવાપાત્ર થશે ત્યારબાદ CAS(એકેડેમિક લેવલ ૧૧થી ૧૨) નિયમ મુજબ પગાર ધોરણ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, AGP રૂ.૭૦૦૦માં પાંચ વર્ષની સેવા પૂર્ણ થયેથી મળવાપાત્ર છે તેના બદલે ચાર વર્ષ બાદ એટલે કે કુલ નોકરીના નવ વર્ષ પૂર્ણ થયેથી મળવાપાત્ર થશે અને પછીના **CAS** (એકેડેમિક લેવલ ૧૨થી ૧૩A) કુલ નોકરીના ૧૨ વર્ષ પૂર્ણ થયેથી મળવા પાત્ર થશે

3. M.Phil. ની લાયકાત હેઠળ નિમણૂંક ધરાવતા અધ્યાપક સહાયકને ૫(પાંચ)વર્ષ ફિક્સ પગારનો સમયગાળો પૂર્ણ કરી નિયમિત પગાર ધોરણમાં સમાવવામાં આવે ત્યારે CAS (એકેડેમીક લેવલ ૧૦ થી ૧૧) ૫(પાંચ)વર્ષ બાદ મળવા પાત્ર થશે તેમજ **Ph.D. કે M.Phil.** ની લાયકાતના ધરાવતા અધ્યાપક સહાયકોને ૫(પાંચ) વર્ષ ફિક્સ પગારનો સમય ગાળો પૂર્ણ કરી નિયમિત પગાર ધોરણમાં સમાવવામાં આવે ત્યારબાદ એક વર્ષની સેવા પૂર્ણ કર્યેથી એટલે કે ૬(છ) વર્ષ બાદ CAS (એકેડમીક લેવલ ૧૦થી ૧૧) મળવાપાત્ર થશે. તેઓને યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૦ તથા ૨૦૧૮ની જોગવાઈ મુજબની લાયકાત અને શરતો પરીપૂર્ણ કર્યેથી CAS (એકેડેમીક લેવલ ૧૧ થી ૧૨) અને CAS (એકેડેમીક લેવલ ૧૨ થી ૧૩A)નો લાભ મળવાપાત્ર થશે

૪. શિક્ષણ વિભાગના તા.૧૩/૧૨/૨૦૨૩ના ઠરાવ મુજબ અધ્યાપક સહાયકોને તમામ લાભો તા.૩૧/૦૩/૨૦૧૯ સુધી નોશનલ ગણીને આપવાનું ઠરાવવામાં આવેલ છે. આથી આ ઠરાવ અંતર્ગતના લાભો પણ તા. ૩૧/૦૩/૨૦૧૯ સુધી નોશનલ ગણીને ત્યારબાદથી ચુકવવાના રહેશે.

૫. કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરી દ્વારા શક્ય હોય તો કેમ્પનું આયોજન કરી અધ્યાપકોને CAS ના લાભો મંજૂર કરવા

માટેની કાર્યવાહી કરવાની રહેશે.

૬. આ ઠરાવ હેઠળ અધ્યાપક સહાયકોને ચૂકવવાની થતી એરીયર્સની રકમ ત્રણ-ત્રણ મહિનાના ત્રણ સરખા હપ્તામાં ચૂકવવાની રહેશે.

૭. યુ.જી .સી. રેગ્યુલેશન ૨૦૧૦ તથા યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૮ મુજબની જોગવાઈ તેમજ શિક્ષણ વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૬, તા.૦૮/૦૯/૨૦૨૨ અને તા.૧૩/૧૨/૨૦૨૩ના ઠરાવો મુજબ CAS જ્યારે મળવા પાત્ર થાય તે સમયે લાગુ પડતા ઠરાવની શરતોને આધીન CASના લાભો આપવાના રહેશે.

૮. અધ્યાપકો કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ માટે ઉપરોક્ત મંજૂર લાભ સિવાયના વધારાના લાભની માગણી કરી શકશે નહીં.

૯. કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી દ્વારા અધ્યાપકોને 'ભવિષ્યમાં કેરીયર એડવન્સમેન્ટ સ્કીમના ઉપરોક્ત મંજૂર લાભ સિવાયના વધારાના લાભની માગણી કરી શકશે નહી' તે મુજબની બાંહેધરી, નમૂનો નિયત કરી દરેક અધ્યાપક પાસેથી લેવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તેમજ સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

**(અંકુરકુમાર ઉપાધ્યાય)**

**ઉપસચિવ**

**શિક્ષણ વિભાગ**

**નકલ રવાના:**

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (ઉ.અને તાં.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉ.અને તાં.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- આચાર્યશ્રી, તમામ બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ)
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ.